# સેલવાસમાં બાળકને કચડી નાખનાર કાર સળગી

**ઉશ્કેરાયેલા** ટોળાએ કાર ચાલકને મેથીપાક આપ્યો

**અલ્ટન** ફળિયામાં માસૂમ બાળકના મોતથી ભારે આક્રોશ



વાપી : સેલવાસમાં યોગી મિલન મુખ્ય માર્ગ પર બુધવારે રાત્રે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, યાત્રી નિવાસથી પિપરિયા તરફ જતાં માર્ગ પર અલ્ટન ફળિયા પાસે એક પૂરઝડપે આવી રહેલી વેગનાર કારે એક માસૂમ બાળકને અડફેટે લીધું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે બાળકનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નિપજ્યું હતું. જાણવા મળી રહ્યું છે કે મૃતક બાળક અલ્ટન ફળિયા વિસ્તારનો જ રહેવાસી હતો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કાર ચાલક અત્યંત ઝડપે વાહન હંકારી રહ્યો હતો, જેના કારણે તેણે કાર પરનો કાબૂ ગુમાવ્યો અને આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ તરત જ કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેને કારણે વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. લોકોએ કાર ચાલકને પકડીને માર માર્યો હતો. કાર અકસ્માતે સળગી કે સળગાવી દેવામાં આવી તે હજી સ્પષ્ટ થયું નથી. પણ બનાવ સ્થળે લોકોના ટોળાં જોવા મળ્યા હતા. તેમજ આ અકસ્માતને લઈને લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ સેલવાસ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે આરોપી ચાલકની અટકાયત કરી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

# GSRTCમાં 'ડિજિટલ ક્રાંતિ': બસોમાં હવે છૂટા પૈસાની કડાકૂટ પૂરી, 30% આવક કેશલેસ

**યુપીઆઈનો** દબદબો, 8,000થી વધુ બસોમાં QR કોડ સ્કેન કરીને ટિકિટ લેતા મુસાફરો, દૈનિક ડિજિટલ કલેક્શન રૂ. 2 કરોડને પાર

સુરતઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) હવે હાઈટેક બની રહ્યું છે. રાજ્ય સરકારના ડિજિટલ ગવર્નન્સના અભિયાનને વેગ આપતા એસ.ટી. નિગમમાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ આશ્ચર્યજનક રીતે વધ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં નિગમે મુસાફરોને રોકડની ઝંઝટમાંથી મુક્તિ અપાવવા માટે શરૂ કરેલી પહેલ રંગ લાવી રહી છે. હાલમાં નિગમની કુલ દૈનિક આવકના 30 ટકા હિસ્સો ડિજિટલ માધ્યમોથી પ્રાપ્ત થઈ રહ્યો છે, જે કેશલેસ ઈકોનોમી તરફનું મજબૂત ડગલું માનવામાં આવે છે.

દૈનિક 27 લાખ મુસાફરો અને રૂ .12 કરોડની આવક રાજ્યમાં કાર્યરત GSRTCની 8,000થી વધુ બસોમાં દરરોજ સરેરાશ 27 લાખ જેટલા મુસાફરો મુસાફરી કરે છે. નિગમની અંદાજિત દૈનિક આવક 12 કરોડ જેટલી થાય છે. આ આંકડાઓમાં સૌથી મહત્વની બાબત એ છે કે, ડિજિટલ કલેક્શન જે એક વર્ષ પહેલાં માત્ર 1 કરોડ હતું, તે હવે વધીને 2 કરોડથી વધુ થઈ ગયું છે. નિગમના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી મહિનાઓમાં આ હિસ્સો 60થી 70 ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

કંડક્ટરના મશીનમાં QR કોડ સ્કેન કરો અને ટિકિટ મેળવો હવે મુસાફરોએ બસમાં ચડતી વખતે ૧૦ કે ૨૦ રૂપિયાના છુટા માટે કંડક્ટર સાથે રકઝક કરવાની જરૂર પડતી નથી. પ્રીમિયમ બસ હોય કે લોકલ, કંડક્ટર પાસે રહેલા મશીન દ્વારા ત્વરિત QR કોડ જનરેટ કરવામાં આવે છે.

અમદાવાદના મુસાફર મનીષ ઘાંચીએ પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, "વડોદરાની મુસાફરી દરમિયાન મેં માત્ર સ્કેન કરીને પેમેન્ટ કર્યું, જે અત્યંત સુવિધાજનક છે. રોકડ રાખવાની ચિંતા હવે ભૂતકાળ બની ગઈ છે.

# 11 મેના રોજ ગુજરાત આવશે પીએમ મોદી

**સોમનાથમાં** 'સ્વાભિમાન પર્વ' અને વડોદરામાં સરદારધામનું લોકાર્પણ

**વડોદરામાં** વડાપ્રધાનના આગમનને પગલે ભવ્ય સ્વાગતની તૈયારીઓ ચાલી રહી છે, પાટીદાર સમાજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી અભિવાદન કરશે

ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 11 મેના રોજ ગુજરાતની મહત્વપૂર્ણ મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસ રાજ્ય માટે આધ્યાત્મિક અને સામાજિક બંને દ્રષ્ટિએ ખાસ મહત્વ ધરાવે છે.પ્રવાસ દરમિયાન પીએમ મોદી સૌપ્રથમ સોમનાથ મંદિર ખાતે યોજાનાર 'સ્વાભિમાન પર્વ'માં હાજરી આપશે. સોમનાથ મંદિરના પુનઃનિર્માણને 75 વર્ષ પૂર્ણ થતાં આ ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે વડાપ્રધાન મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરશે. સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે તેમની હાજરી આ પર્વને વિશેષ ગૌરવ આપશે. આ કાર્યક્રમ દ્વારા ભારતની સાંસ્કૃતિક વારસાની ગૌરવગાથા વિશ્વ સમક્ષ રજૂ થશે.

સોમનાથ બાદ વડાપ્રધાન વડોદરાની મુલાકાત લેશે, જ્યાં તેઓ સરદારધામનું લોકાર્પણ કરશે. આ સંકુલ યુવાનોના શિક્ષણ અને રોજગાર માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે અને સામાજિક ઉત્થાનમાં મોટી ભૂમિકા ભજવશે.વડોદરામાં વડાપ્રધાનના આગમનને પગલે ભવ્ય સ્વાગતની તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને પાટીદાર સમાજ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી અભિવાદન કરશે તેવી શક્યતા છે. આ સમગ્ર પ્રવાસને ધ્યાનમાં રાખીને સોમનાથ અને વડોદરા બંને સ્થળોએ વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અને આયોજનની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.વડાપ્રધાનનો આ પ્રવાસ 'શ્રદ્ધા અને વિકાસ'ના સમન્વય તરીકે જોવામાં આવી રહ્યો છે, જેમાં એક તરફ સોમનાથની આધ્યાત્મિક મહત્તા છે તો બીજી તરફ વડોદરામાં સામાજિક અને શૈક્ષણિક વિકાસને વેગ આપતા પ્રોજેક્ટ્સ છે.

## સાયણમાં ઘર કંકાસમાં મહિલાએ અગ્નિસ્નાન કર્યું

સુરતઃ સાયણમાં ઘર કંકાસમાં મહીલાએ અગ્નિસ્નાન કરીને આપઘાત કરી લીધું હતું. મળેલી માહિતી મુજબ, અમરોલી-સાયણ રોડ પર આવેલ ભગુનગર પાસે રીધમ રેસિડેન્સીમાં કનુભાઈ કેશુર પરીવાર સાથે રહે છે.તેમની પત્ની રૂપાબેન (42 વર્ષ) વચ્ચે સામાન્ય બાબતોને લઈને અવારનવાર ઝઘડા અને બોલાચાલી થતી રહેતી હતી. દરમિયાન મંગળવારે સાંજે રૂપાબેને બાથરૂમમાં ખુદ પર કેરોસીન છાંટીને દીવાસળીથી અગ્નિસ્નાનનો પ્રયાસ કર્યો હતો. બનાવની જાણ થતા તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં બુધવારે વહેલી સવારે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. મૃતકનો પુત્ર હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે.

# ભાજપના પાંચ નેતાઓ પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી બનવાની રેસમાં છે



પશ્ચિમ બંગાળમાં ભાજપની ઐતિહાસિક જીત પછી હવે સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થઈ રહ્યો છે કે રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે ભાજપ કયો ચહેરો પસંદ કરી શકે છે. ભારતીય જનતા પાર્ટીએ ૨૦૭ બેઠકો જીતી છે, જ્યારે ટીએમસી ૮૯ બેઠકો પર આવી ગઈ છે. ભાજપે પશ્ચિમ બંગાળમાં સત્તાવાર રીતે પોતાનો મુખ્ય પ્રધાનપદનો ચહેરો જાહેર કર્યો નથી. રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ જેવાં કેટલાંક રાજ્યોમાં પણ ભાજપે મુખ્ય મંત્રીપદનો ચહેરો જાહેર કર્યો ન હતો અને ત્યાં આશ્ચર્યજનક રીતે એક નવા ચહેરાને મુખ્ય મંત્રી બનાવવામાં આવ્યો. પશ્ચિમ બંગાળમાં મુખ્ય મંત્રીની રેસમાં સૌથી આગળ સુવેન્દુ અધિકારી છે, જેમણે ભવાનીપુર બેઠક પર મમતા બેનરજીને પરાજયનો સ્વાદ ચખાડ્યો છે, પણ સુવેન્દુ અધિકારી જ પશ્ચિમ બંગાળના આગામી મુખ્ય મંત્રી બનશે તેમ કોઈ છાતી ઠોકીને કહી શકે તેમ નથી. ગુજરાતમાં છેક છેલ્લી ઘડીએ ભૂપેન્દ્ર પટેલનું નામ મુખ્ય મંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું તેમ ભાજપનું મોવડીમંડળ પોતાની તાકાત દેખાડવા કોઈ નવા ચહેરાને પણ મુખ્ય મંત્રી બનાવી શકે છે.

ભાજપ દ્વારા હજુ સુધી કોઈ નામની ચર્ચા કરવામાં આવી નથી. મુખ્ય મંત્રી તરીકે સંપૂર્ણપણે નવા ચહેરાઓની નિમણૂક કરવાના ભાજપના ટ્રેક રેકોર્ડને જોતાં, સસ્પેન્સ અંત સુધી ચાલુ રહેવાની શક્યતા છે. તૃણમૂલ કોંગ્રેસે દાવો કર્યો હતો કે જો ભાજપ જીતશે તો મુખ્ય મંત્રી બહારનો વ્યક્તિ હશે. તેના જવાબમાં પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રચાર દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક રેલીમાં કહ્યું હતું કે નવા મુખ્યમંત્રી બંગાળના હશે. મુખ્યમંત્રી તરીકે સંપૂર્ણપણે નવા ચહેરાઓની નિમણૂક કરવાના ભાજપના ટ્રેક રેકોર્ડને જોતાં સસ્પેન્સ અંતિમ સમય સુધી ચાલુ રહેવાની શક્યતા છે.આમ છતાં ઘણા નેતાઓને સંભવિત દાવેદાર તરીકે ચર્ચવામાં આવી રહ્યા છે. પશ્ચિમ બંગાળના રાજકારણ પર નજર રાખનારા નિષ્ણાતો કહે છે કે મુખ્યમંત્રી પદ માટેના ઉમેદવારની પસંદગી વખતે રાજકીય અને સંગઠનાત્મક પ્રભાવને પ્રાધાન્ય આપવામાં આવી શકે છે.

સુવેન્દુ અધિકારી હાલમાં પશ્ચિમ બંગાળના રાજકારણમાં ભાજપનો સૌથી અગ્રણી ચહેરો છે. તેઓ રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે. તેમનું રાજકીય મહત્ત્વ પૂર્વ મેદિનીપુર જેવા જિલ્લાઓમાં તેમની મજબૂત સંગઠનાત્મક પકડ અને મુખ્ય બેઠકો પર સમર્થન મેળવવાની તેમની ક્ષમતામાં રહેલું છે. તેઓ એક સમયે તૃણમૂલ કોંગ્રેસમાં મુખ્યમંત્રી મમતા બેનરજીના નજીકના સહયોગી હતા અને રાજ્ય સરકારમાં પ્રભાવશાળી મંત્રી પદો પર હતા. જો કે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પહેલાં તેઓ ટીએમસી છોડીને ભાજપમાં જોડાયા હતા. સુવેન્દુ અધિકારી અને મમતા બેનરજી વચ્ચેનો ઝઘડો રાજ્યના રાજકારણમાં સૌથી વધુ ચર્ચિત ઘટનાઓમાંનો એક રહ્યો છે. બંને નેતાઓએ ઘણી વાર તીક્ષ્ણ હુમલાઓની આપ-લે કરી છે. આ જ કારણ છે કે સુવેન્દુને ભાજપનો સૌથી મજબૂત મુખ્ય મંત્રીનો ચહેરો માનવામાં આવે છે. તેઓ મમતા બેનરજીના નેતૃત્વને સીધો પડકાર આપે છે. આ વખતે તેમણે ભવાનીપુર વિધાનસભા બેઠક પરથી વિદાય લેતા મુખ્યમંત્રી મમતા બેનરજીને ૧૫ હજારથી વધુ મતોથી હરાવ્યા છે. જો તેમના દાવામાં કોઈ સમસ્યા હશે, તો તે તેના ભૂતકાળને કારણે હશે. સુવેન્દુ અધિકારી પહેલાં ટીએમસીમાં હતા અને જો તેમને મુખ્ય મંત્રી બનાવવામાં આવે તો જૂના ભાજપના કાર્યકરોમાં એવી લાગણી પેદા થશે કે ટીએમસી એક અલગ સ્વરૂપમાં પાછી આવી છે. સુવેન્દુ RSS પૃષ્ઠભૂમિમાંથી નથી આવતા અને તેમના મુખ્ય મંત્રી બનવાથી પશ્ચિમ બંગાળ રાજ્ય ભાજપનાં અન્ય જૂથો અસ્વસ્થતા અનુભવી શકે છે.

મુખ્યમંત્રી પદના ઉમેદવાર માટે બીજા એક મુખ્ય દાવેદાર દિલીપ ઘોષ છે, જે ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ છે. જો આ મામલે RSS અને BJP સાથે સંકળાયેલો કોઈ પ્રખ્યાત ચહેરો હોય તો તે દિલીપ ઘોષ છે. તેમણે પશ્ચિમ બંગાળમાં પક્ષના પાયાના વિસ્તરણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન ભાજપે તેના સંગઠનાત્મક માળખાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યું હતું અને ખાસ કરીને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એક મજબૂત વિપક્ષી દળ તરીકે ઉભરી આવ્યું હતું. દિલીપ ઘોષ તેમની આક્રમક રાજકીય શૈલી અને પાયાના સ્તરે હાજરી માટે જાણીતા છે. તેઓ હવે પ્રદેશ પ્રમુખ ન હોવા છતાં ભારતીય જનતા પાર્ટીમાં એક પ્રભાવશાળી વરિષ્ઠ નેતા તરીકે જાણીતા છે. તેમની પાસે RSSની પૃષ્ઠભૂમિ છે. ઓડિશાની સરહદે આવેલા ખડગપુર જેવા વિસ્તારોમાં તેમણે OBC અને અનુસૂચિત જાતિઓમાં કામ કર્યું છે અને આના કારણે તેમની જીત થઈ છે. આરએસએસમાં દિલીપ ઘોષની સારી છબી છે, પરંતુ એવું લાગતું નથી કે આરએસએસ દિલીપ ઘોષને મુખ્ય મંત્રી બનાવવા માટે દબાણ લાવશે.

શમિક ભટ્ટાચાર્ય હાલમાં પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ છે અને રાજ્યમાં ભાજપના સંગઠનાત્મક નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરે છે, તેથી તેમનું નામ દાવેદારોમાં ગણવામાં આવી રહ્યું છે. શમિક ૧૯૭૪માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)માં જોડાયા હતા. ત્યાર બાદ તેમને ભાજપ યુવા મોરચા, દક્ષિણ હાવડા વિભાગના મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે સતત ૧૧ વર્ષ સુધી આ પદ સંભાળ્યું હતું. ત્યાર બાદ, તેમણે સતત ત્રણ ટર્મ સુધી રાજ્ય ભાજપના મહાસચિવ તરીકે સેવા આપી હતી. શમિકે ૨૦૦૬માં પહેલી વાર ભાજપની ટિકિટ પર શ્યામપુર બેઠક પરથી વિધાનસભા ચૂંટણી લડી હતી, પરંતુ હારી ગયા હતા. તેઓ લાંબા સમયથી ભાજપના સમર્પિત કાર્યકર રહ્યા છે. જ્યારે ૨૦૨૫ માં સુકાંત મજુમદારના સ્થાને નવા પ્રદેશ ભાજપ પ્રમુખનું નામ જાહેર કરવામાં આવ્યું, ત્યારે શમિક ભટ્ટાચાર્યનું નામ મુખ્ય દાવેદારોમાં નહોતું. પરંતુ જ્યારે તેમને પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા, ત્યારે તેમનો પહેલો પડકાર જૂથવાદને દૂર કરવાનો હતો. ભૂતપૂર્વ પત્રકાર સ્વપ્ન દાસગુપ્તાના નામની પણ ચર્ચા પશ્ચિમ બંગાળના આગામી મુખ્ય મંત્રી તરીકે થઈ રહી છે. જો કે, પશ્ચિમ બંગાળના રાજકારણમાં તેમનું કોઈ ખાસ સ્થાન નથી. ભાજપના મોવડીમંડળ સાથેનાં તેમનાં સમીકરણને ધ્યાનમાં રાખીને તેમનાં નામની પણ ચર્ચા થઈ રહી છે. તેમને ૨૦૧૬ માં રાજ્યસભામાં નામાંકિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૧ માં તેમને ફરીથી નામાંકિત કરવામાં આવ્યા અને રાજ્યસભાના સભ્ય બનાવવામાં આવ્યા હતા, પરંતુ છ મહિનાની અંદર તેમણે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી લડવા માટે રાજીનામું આપી દીધું. તે સમયે એક વિવાદ પણ ઊભો થયો હતો કે જ્યારે તેઓ સંસદસભ્ય હતા ત્યારે તેમની ઉમેદવારી જાહેર કરવામાં આવી હતી. સ્વપ્ન દાસગુપ્તાએ અનેક અખબારોમાં વરિષ્ઠ સંપાદકીય હોદ્દા સંભાળ્યા હતા. ૨૦૧૫ માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા. સંસદની વેબસાઇટ અનુસાર તેઓ ૨૦૧૫થી ૨૦૨૧ સુધી નેહરુ મેમોરિયલ મ્યુઝિયમની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય હતા. આ ઉપરાંત તેઓ માનવસંસાધન મંત્રાલય હેઠળની વિદેશ બાબતોની સમિતિ અને NITSER સહિત ઘણી પસંદગી સમિતિઓના સભ્ય પણ હતા.

સિલિગુડીના ભાજપના ધારાસભ્ય શંકર ઘોષની ગણતરી ઉત્તર બંગાળના મહત્ત્વપૂર્ણ પ્રાદેશિક નેતાઓમાં થાય છે. શંકર ઘોષ સીપીએમના કટ્ટર સામ્યવાદી રહ્યા છે. ઉત્તર બંગાળમાં તેમનો ઘણો પ્રભાવ છે. ૨૦૨૧ માં તેઓ ભાજપમાં જોડાયા અને સિલિગુડીથી તેમની બેઠક જીતી હતી. આ વખતે તેઓ ભાજપના તેવા ઉમેદવારોમાં સામેલ છે જેમણે સારા માર્જિનથી જીત મેળવી છે. આ પાંચ નેતાને બદલે ભાજપ કોઈ છઠ્ઠાને મુખ્ય મંત્રી બનાવે તો પણ નવાઈ નહીં લાગે.

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ગુજરાતમાં છેક છેલ્લી ઘડીએ ભૂપેન્દ્ર પટેલનું નામ મુખ્ય મંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યું હતું તેમ મોવડીમંડળ પોતાની તાકાત દેખાડવા કોઈ નવા ચહેરાને પણ મુખ્ય મંત્રી બનાવી શકે છે**

## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ઈ- ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૫/૨૬-૨૭ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ | ૦૧ | ૧,૫૬,૦૧,૫૦,૮૬૨/- |
| ૨ | ૪૭/૨૬-૨૭ | પાણી પુરવઠા શાખા | ૦૧ | ૬૧,૧૬,૯૫૮/- |
| ૩ | ૫૧/૨૬-૨૭ | ડ્રેનેજ-વ.ગ.પ્રોજેક્ટ | ૦૨ | ૭,૨૯,૫૧,૧૧૪/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૫૫/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

જાહેર નિવિદા નં. ૮/ ૨૦૨૫-૨૬ (૨ જો પ્રયત્ન)

ટોલ ફ્રી નં. ૧૯૧૬

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ. યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, જલભવન, પહેલો માળ, કુસુમ વિદ્યાલયની સામે, તિથલ રોડ, ભાગડાવાડા વલસાડ-૩૯૬૦૦૧ દ્વારા કાર્યક્ષેત્ર હસ્તકનાં (૧) ડીપોઝીટ વર્ક ૨૦૦ મીમી વ્યાસના ડીઆર બોર તા. નવસારી જલાલપોર, ગણદેવી જી. નવસારી (૨) ૨૦૦ મીમી વ્યાસના ડી.આર. બોર શારકામ તા. નવસારી, ગણદેવી, જલાલપોર જી. નવસારી માટે અંદાજીત રકમ (૧) રૂા. ૫.૬૧ લાખ (૨) રૂા. ૧૨.૯૭ લાખ માટે ટેન્ડર આઇ.ડી. નં. ૩૦૧૯૭૪, ૩૦૧૯૬૮ ઓન લાઇન ઇ-ટેન્ડર પધ્ધતિથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ અને અનુભવી ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે. રસ ધરાવતા ઇજારદારોએ ટેન્ડર ફી/બાનાની રકમ નીયત નમુદ્દ ધોરણે ભરવાની રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતવાર માહિતી વેબ સાઇટ www.tender.nprocure. com પર મળી રહેશે. હવે પછીના સુધારા વધારા માટે આ નોટીશમાં દર્શાવેલ વેબ સાઇટ ઉપર જોવાનું રહેશે. ટેન્ડર ડાઉનલોડ/અપલોડ કરવાની છેલ્લી તા. ૨૧-૦૫-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

ન. માહિતી/વલસાડ/૬૫/૨૦૨૬

## નિવિદાનં - ૦૧ સને ૨૦૨૬-૨૭ જિલ્લા પંચાયત (મા.મ) વિભાગ વલસાડ

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત (મામ) વિભાગ- વલસાડ ફોન નં(૦૨૬૩૨- ૨૫૩૬૯૪) ની કચેરીએથી વિવિધ યોજના હેઠળ પેટા વિભાગ પેટા વિભાગ વલસાડ હસ્તકના કુલ ૦૩ પેકેજ જેની અંદાજીત રકમ રૂ! ૨૦.૦૦ લાખ થી રકમ રૂા.૨૫.૦૦ લાખ સુધીની છે. પેટા વિભાગ ધરમપુર હસ્તકના કુલ ૦૨ પેકેજ જેની અંદાજીત રકમ રૂ! ૨૦.૦૦ લાખ થી રૂા.૨૫.૦૦ લાખ સુધીની છે. પેટા વિભાગ કપરાડા હસ્તકના કુલ ૦૩ પેકેજ જેની અંદાજીત રકમ રૂ! ૨૦.૦૦ લાખ થી રૂા.૨૫.૦૦ લાખ સુધીની છે.પેટા વિભાગ પારડી/વાપી હસ્તકના કુલ ૦૩ પેકેજ જેની અંદાજીત રકમ રૂ! ૨૦.૦૦ લાખ થી રૂા.૨૫.૦૦ લાખ સુધીની છે. પેટા વિભાગ ઉમરગામ હસ્તકના કુલ ૦૨ પેકેજ જેની અંદાજીત રકમ રૂ! ૨૦.૦૦ લાખ થી રૂા.૩૦.૦૦ લાખ સુધીની છે.જે કામો માટે ગુજરાત રાજ્યનાં જાહેર બાંધકામ ખાતામાં અન્ય યાદીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી ઇ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામની ઇ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com વેબસાઇટ પરથી જોવા મળશે.

વધુમાં ઇજારદારશ્રીઓએ જી.એસ.ટી.મુજબના દરો ધ્યાને લઇ ભાવો ભરવાનાં રહેશે.

ટેન્ડર ઓનલાઇન સબમીશનની છેલ્લી તાઃ-૨૬/૦૫/૨૦૨૬

કાર્યપાલક ઇજનેર
પંચાયત (મા.મ) વિભાગ
વલસાડ

નં. માહિતી/વલસાડ/૬૭/૨૦૨૬

## જાહેર નોટીસ

આથી વાહન માલીકો/વીમા કંપની, ફાઇનાન્સ કંપની,બેંક વિગેરે નાઓને જણાવવાનુ કે, અત્રેના ઉમરા પોલીસ સ્ટેશન સુરત શહેર ખાતે જાણવા જોગ. નં.૯૧/૨૦૨૪ મુજબના કુલ-૨૧૦ બિનવારસી વાહનો તથા એમ.વી.એક્ટ-૨૦૭ મુજબના કુલ-૭૪ એમ કુલ્લે-૨૮૪ વાહનો કબ્જે કરવામાં આવેલ, વાહન માલીકોને અવાર-નવાર લેખિત તથા મૌખિક જાણ કરવામાં આવેલ હોવા છતાં આપના તરફથી વાહન છોડાવવાની આજ દિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી, જેથી, નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં વાહન છોડાવવા અંગેની કાર્યવાહી કરવી, જો એમ કરવામાં આપ કસુર કરશો તો આપ આપનુ વાહન છોડાવવા માંગતા નથી તેવુ માની લઇ કાયદાકીય નિયમોનુસાર વાહનોની હરાજી કરી, હરાજીમાં ઉપજેલ નાણા સરકારશ્રી ખાતે જમા કરાવવામાં આવશે, તેમજ આપના તરફથી આ અંગે આપને કોઇ વાંધો હોય તો દિન-૦૫ માં ઉમરા પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ અગર તો લેખિત રજુઆત કરવી ત્યારબાદ આવેલી કોઇ રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં જેની નોંધ લેશો.

નોંધ-:વાહનોની સંપૂર્ણ વિગતો સુરત શહેર પોલીસ કમિશ્નર કચેરીની વેબસાઇટઃ- www.cpsurat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

(એમ.જે.ચૌધરી)
પોલીસ ઇન્સ્પેક્ટર
ઉમરા પોલીસ સ્ટેશન
સુરત શહેર

ક્રમાંકઃમાહિતી-સુરત/૭૧/૨૦૨૬

## Dakshin Gujarat Vij Company Limited

CIN U40102GJ2003SGC042909
Bardoli Division
66 kV SS Compound, Surat-Bardoli Road, Bardoli 394 601
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos. 12 to 23) are invited from registered firms/parties for various works including erection and maintenance of HT/LT lines and TC, laying, testing and commissioning of 11/22 kV underground XLPE cables, supply and installation of parts for LaserJet printers, AMC of Lipi printers, installation of PIC earthing, raising of plinths at various transformers centers, day-to-day transportation and supply of materials at various sub-divisions under the jurisdiction of Bardoli Division. For further details, please visit www. nprocure.com.

EE (O&M), Bardoli Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.

CIN:U40102GJ2003SGC042909
ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે,સં.નિ.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનના સદર ફીડર પર જેટકો ઓફીસ દ્વારા તથા દ.ગુ.વી.જ.કં.લી દ્વારા લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવિઝન | ફોલ્ટ સેંટર નં | તારીખ -વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કે.વી પેટિયા | તમામ ૧૧ કેવી ફીડરો | વાલિયા & નેત્રંગ | ૮૯૮૦૮૦૩૯૧૩ & ૭૪૩૪૦૧૭૪૩૦ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 2 | ૬૬ કે.વી મૌઝા | તમામ ૧૧ કેવી ફીડરો | નેત્રંગ | ૭૪૩૪૦૧૭૪૩૦ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૫.૦૦ |
| 3 | ૬૬કે.વી હાંસોટ | ૧૧ કે.વી કાંતિયાજલ ફીડર | હાંસોટ | ૮૯૮૦૮૦૩૯૧૪ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| 4 | ૬૬કે.વી સજોદ | ૧૧ કે.વી માટીએદ જે.જી.વાય | અંકલેશ્વર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |
| 5 | ૬૬ કે.વી ઝગડિયા | તમામ ૧૧ કેવી ફીડરો | ઝગડિયા | ૮૯૮૦૮૦૩૯૧૫ | ૦૮.૦૫.૨૦૨૬ શુક્રવાર | ૦૮.૦૦ થી ૧૫.૦૦ |
| 6 | ૧૩૨ કે.વી અંકલેશ્વર | ૨૨ કેવી ગડખોલ જેજીવાય | ગડખોલ | ૦૨૬૪૬-૨૩૪૪૦૦ | ૦૯.૦૫.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૪.૦૦ |

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર(સં.નિ.),ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત



ઘબકારો ગુજરાતી હીટ પારિવારીક ફિલ્મ ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦
ભૂતબંગલા ૧૨.૩૦, ૩.૩૫, ૬.૪૦, રાત્રે ૯.૪૫
રાજા શિવાજી ૧૧.૦૦, ૩.૦૦, ૬.૩૦, રાત્રે ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
☎: 99984 46007 @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
ઐતિહાસિક હીટ ફિલ્મ | ગુજરાતી ફેમિલી ચિત્ર | કોમેડી હોરર ફિલ્મ








રાજા શિવાજી ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૫૦, ૪.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૨૫, રાત્રે ૯.૨૫, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦
ઘબકારો ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૬.૨૦, રાત્રે ૮.૫૦
THE DEVIL WEARS PRADA-2 (English) સવારે ૯.૪૦, રાત્રે ૮.૦૦
ભૂતબંગલા ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૧.૩૫, ૩.૦૦, ૪.૩૦, ૬.૨૫,૭.૩૦ રાત્રે ૯.૩૫, ૧૦.૨૦, ૧૧.૧૫
બહેરૂપિયો ગુજરાતી : ૪.૩૦, ૭.૩૦
ધુરંધર-2 ૧૧.૪૫, ૩.૩૦, રાત્રે ૧૦.૨૫
એક દિન ૯.૨૦, ૧૨.૩૦, ૪.૦૦, ૭.૪૦, રાત્રે ૧૦.૩૦

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
ઐતિહાસિક હીટ ફિલ્મ રાજા શિવાજી



રિતેશ દેશમુખ, સંજયદત્ત, અભિષેક બચ્ચન
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે ૯.૪૫
કોમેડી હોરર ભૂતબંગલા



અક્ષયકુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબ્બુ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL
DOLBY ATMOS
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે INOX
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
કાલથી જુઓ કોમેડી, મ્યુઝીકલ, ફેમિલી ડ્રામા દાદી કી શાદી નિતુસિંહ કપુર, કપિલ શર્મા, રિધ્ધિમા કપુર



સુપરહીટ ઐતિહાસિક ફિલ્મ રાજા શિવાજી રીતેશ દેશમુખ, સંજયદત્ત, અભિષેક બચ્ચન, જેનેલીયા દેશમુખ, ફરદીન ખાન ATMOS : 9.00 am, 10.30 am, 1.00 pm, 2.20 pm, 5.05 pm, 6.10 pm, 9.10 pm, 10.00 pm
ગુજરાતી સુપરહીટ ફેમિલી ફિલ્મ ઘબકારો દેવન ભોજાની, આર્જવ ત્રિવેદી 9.35 am, 12.20 pm, 3.40 pm, 6.35 pm, 9.15 pm



રોમાંન્ટીક લવસ્ટોરી એક દિન 9.00 am, 3.25 pm, 6.25 pm
ધુરંધર-2 9.15 pm
પ્રિયદર્શન પ્રસ્તુત, કોમેડી ફિલ્મ ભૂતબંગલા અક્ષયકુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબ્બુ ATMOS : 10.45 am, 2.05 pm, 5.40 pm, 9.00 pm રેગ્યુલર : 9.00 am, 11.40 am 12.20 pm, 3.00 pm
હિન્દી ફેમિલી ફિલ્મ કૃષ્ણાવતારમ-1 9.05 pm
Lee Cronin's The Mummy હિન્દી 6.10 pm